પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકો પાસેથી
રાષ્ટ્રીય હિત માટે જરૂરી હોય તે સિવાયની
બિન શૈક્ષણિક કામગીરી નહીં લેવા બાબત..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૦૨૦૧૦/૨૦૦૭/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- /૦૧/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

(૧) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯

(૨) નામ. સર્વોચ્ચ અદાલત સી.એ.નં.૫૬૫૯/૨૦૦૭ ઇલેકશન ઓફ ઇન્ડીયા વિરૂધ્ધ સેન્ટ મેરી સ્કૂલ અને બીજાઓના કેસમાં આપેલ તા.૬/૧૨/૨૦૦૭ નો ચુકાદો

(૩) ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલયનો તા.૧૩/૯/૨૦૧૦ નો પત્ર એફ.૧-૩/૨૦૧૦/ઇઇ-૪

(૪) ભારત સરકારના રાષ્ટ્રીય બાળક અધિકાર સંરક્ષણ આયોગના તા.૨૫/૩/૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ એફ/નંબર/૬૫/૨૫/૨૦૧૩/એનસીપીઆર/આરટીઇ/પી/૩૮૭૩

(૫) શિક્ષણ વિભાગનો તા.૪/૪/૨૦૧૧ નો પરિપત્ર ક્રમાંકઃપીઆરઇ/૧૦૨૦૧૦/૨૦૦૭/ક

(૬) મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત સરકારનો તા.૭/૯/૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃઇએલસી/૪૫૨૦૧૩/૧૦૬૭/છ(સેલ)

**પરિપત્રઃ-**

૧. રાઇટ ટુ એજયુકેશન એકટ-૨૦૦૯ ની કલમ-૨૭ માં કરવામાં આવેલ જોગવાઇ તેમજ આમુખ(૫) માં વંચાણે લીધેલ વિભાગના તા.૪/૪/૨૦૧૧ ના પરિપત્રથી પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકો પાસેથી રાષ્ટ્રીય હિત માટે જરૂરી હોય તે સિવાયની બિન શૈક્ષણિક કામગીરી નહીં લેવા અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે.

પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકો/સી.આર.સી./બી.આર.સી/યુ.આર.સી કો. ઓર્ડીનેટર વગેરેને જે કામગીરી સોંપી શકાય છે, તેમાં વસ્તી ગણતરી અંગેની કામગીરી, આપતિ સમયે રાહત અંગેની કામગીરી તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, રાજય વિધાનસભા તથા સંસદની ચૂંટણી સંબંધિત ફરજોનો સમાવેશ થાય છે.

સ્થાનિક સત્તામંડળ અથવા રાજયની વિધાનસભા અથવા સંસદની ચૂંટણીને લગતી ફરજોમાં મતદાન અને મત ગણતરીની અને તે અંગેની તાલીમ, ચૂંટણી અંગેની સામગ્રી મેળવવાની કામગીરીનો સમાવેશ થાય છે, આ કામગીરી સિવાયની બીજી બધી કામગીરી જેવી કે મતદારયાદી સુધારણાની કામગીરી ઇત્યાદી કામગીરી રજાના દિવસે અને શિક્ષણના કલાકો સિવાયના કલાકો તથા શિક્ષણ સિવાયના દિવસો દરમ્યાન સોંપી શકાશે.

૨ ઉકત સુચનાથી સ્પષ્ટ થાય છે કે બીએલઓ (બ્લોક લેવલ ઓફીસર)તરીકેની કામગીરી રજાના દિવસે અને શિક્ષણના કલાકો સિવાયના કલાકો તથા શિક્ષણ સિવાયના દિવસો દરમ્યાન જ કરવાની રહે છે. આ અંગે ચૂંટણી અધિકારીશ્રીઓને મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીની કચેરી તરફથી જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. તેવુ તેમના સંદર્ભ (૬) માં દર્શાવેલ પત્રથી સ્પષ્ટ કરાયેલ છે. આ અંગે બધા ચૂંટણી

અધિકારીઓને જણાવવામાં આવે છે, કે પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકો/સી.આર.સી./બી.આર.સી/ યુ.આર.સી કો.ઓર્ડીનેટર વગેરેને બી.એલ.ઓ તરીકેની કામગીરી સોંપવાના જે હુકમો કરવામાં આવે તેમાં એવુ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે કે આ કામગીરી તેમણે રજાના દિવસે અને શિક્ષણના કલાકો સિવાયના કલાકો તથા શિક્ષણ સિવાયના દિવસો દરમ્યાન જ કરવાની રહેશે.

૩. ઉપર મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા આથી તમામ કલેકટરશ્રી/તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તથા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તથા અન્ય સંબંધિતોને સૂચના આપવામાં આવે છે.

૪. ઉપર્યુકત સુચનાઓનું ઉલ્લઘંન કરી કોઇ તાલુકા અથવા જિલ્લા સ્તરના અધિકારી પ્રાથમિક શિક્ષકોને વિદ્યાસહાયકો/સી.આર.સી./બી.આર.સી/યુ.આર.સી કો.ઓર્ડીનેટરને કોઇ ફરજ સોંપશે તો તેઓના સામે આરટીઇ એકટના ભંગના અને નામ સુપ્રિમ કોર્ટના હુકમના ઉલ્લઘંન બદલ કોર્ટના અનાદરના પ્રશ્નો પણ ઉપસ્થિત થઇ શકે છે. જેની સંબંધિતોને આથી નોંધ લેવા પણ જણાવવામાં આવે છે.

૫. આ સુચનાઓ રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીના પરામર્શમાં બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(યોગેશ રાવલ)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના</u>

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગુહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

} જાણ અર્થે

- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ કલેકટરશ્રીઓ,
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા
- નગર પાલિકા અને નગર પંચાયત
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીઓ,
- તમામ તાલુકા મામલતદારશ્રીઓ,
- તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ

} પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, મારફત જરૂરી કાર્યવાહી અર્થે

- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય, પ્રાથમિક શિક્ષક સંઘ મુ;પો. ઝાંત, તા. દાંતીવાડા, જી. સાબરકાંઠા તરફ જાણ સારુ.
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા